એકમ 9

# ઔદ્યોગિક વિકાસ અને યોજનાઓ

## રૂપરેખા


9.0 ઉદેશો

9.1 પ્રસ્તાવના

9.2 ઔદ્યોગિક વિકાસની તકો

9.3 ઔદ્યોગિક વિકાસના અવરોધો

9.4 ઔદ્યોગિક વિકાસ

9.5 સહાયક નીતિઓ

9.6 સારાંશ

9.7 ચાવીરૂપ શબ્દો

9.8 તમારી પ્રગતિ ચકાસો

9.9 કેટલાક ઉપયોગી પુસ્તકો

9.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

9.11 સંદર્ભ


## 9.0 ઉદેશો

પ્રસ્તુત એકમના અભ્યાસ પછી આપણે જાણી શકીએ કે,

- ગુજરાતની ઔદ્યોગિક વિકાસ માટે કેવી તકો રહેલી છે.
- ગુજરાતના ઔદ્યોગિક માટે અવરોધક પરિબળો કયા છે?
- ગુજરાતના ઔદોગિક વિકાસને ગતિ આપવા માટે કઇ કઇ નીતિઓ અમલમા છે ?
- ગુજરાતરમાં એકંદરે આર્થિક વિકાસની પ્રક્રીયા કેવી છે?

## 9.1 પ્રસ્તાવના

કોઇપણ પ્રદેશનાં આર્થિક વિકાસ માટે ઔદ્યોગિક વિકાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઔદ્યોગિક વિકાસ કરવા માટે ઉદ્યોગ ક્ષેત્રે મૂડીરોકાણ થાય તે જરુરી છે. આ માટે સરકાર દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રે રોકાણકારોને રોકાણ કરવા માટે આકર્ષવા તથા ઔદ્યોગિક ક્ષેત્રે કામ કરતાં કામદારો માટે કેટલીક પ્રોત્સાહક યોજનાઓ કે નીતિઓનું ઘડતર કરવું જરુરી છે. ગુજરાત રાજયમાં આ અંગે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા છે. પ્રસ્તુત પ્રકરણમાં ઔદ્યોગિક વિકાસ માટેની સહાયક નીતિઓ, ગુજરાતમાં ઔદ્યોગિક

વિકાસની પ્રક્રિયા તથા ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે જરુરી તકો અને તેનાં અવરોધક પરીબળો વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

## 9.2 ઔદ્યોગિક વિકાસની તકો

કોઈપણ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ માટેની તકો કેટલી છે, તે સરકારની ઔદ્યોગિક નીતિ, કાચા માલની ઉપલબ્ધતા, ધિરાણની સગવડ, ટેકનોલોજીકલ વિકાસ, યોગ્ય સંચાલન શકિત, કુશળ શ્રમદળ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર તથા યોગ્ય વહેચાણ વ્યવસ્થા વગેરે પર હોય છે.

હવે, આ તમામ પરિબળોને ગુજરાતના સંદર્ભમાં તપાસવામાં આવે તો ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટેની તકો કેવી છે. તેનો ખ્યાલ આવી શકે છે. આજે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટેની અનેક અનુકુળતાઓ રહેલી છે. જેથી અહીં અનેકવિધ ઉદ્યોગોનો વિકાસ સારો થયેલો જોવા મળે છે.

### 9.2.1 કાચા માલની ઉપલબ્ધતાના સંદર્ભે રહેલી તકો :

કોઈપણ ઉદ્યોગોના વિકાસ માટે જરુરી કાચો માલ સ્થાનિક વિસ્તારમાંથી પ્રાપ્ત થતો હોય તો જે તે ઉદ્યોગોના વિકાસ માટે અનુકુળ બહે છે. ગુજરાતમાં ખેતી ક્ષેત્રે કપાસનું ઉત્પાદન સારુ થાય છે. સમગ્ર દેશમાં ગુજરાત કપાસના ઉત્પાદનમાં પ્રથમ સ્થાન ધરાવે છે. તેથી ગુજરાત દેશનાં કુલ કાપડનાં ઉત્પાદનમાં ૩૨% હિસ્સો ધરાવે છે. આમ અહીં કાપડ ઉદ્યોગ માટે કાચા માલની ઉપલબ્ધતા સારી હોવાથી કાપડ ઉદ્યોગનાં વિકાસ અને વિસ્તાર માટે એક સારી અનુકુળતા રહેલી છે.

આ ઉપરાંત ગુજરાત મગફળીનો ઉત્પાદનમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. ભારતનાં કુલ મગફળીના ઉત્પાદનમાં 37% હિસ્સો ગુજરાતનો છે. તેથી અહીં મગફળીનાં પિલાણ અને તેલનો ઉદ્યોગનો સારો વિકાસ થયો છે. આમ, આ ઉદ્યોગ માટે કાચો માલ સરળતાથી પ્રાપ્ત થતો હોવાથી હજુ પણ સારી તકો રહેલ છે.

ગુજરાતમાં શેરડીનું વાવેતર સારા પ્રમાણમાં થાય છે. સમગ્ર દેશમાં શેરડીના ઉત્પાદનમાં ગુજરાત છઠ્ઠું સ્થાન ધરાવે છે. તેથી અહીં ખાંડ ઉદ્યોગનો વિકાસ સારો થયો છે. ગુજરાતમાં ખાંડ બનાવવાના ૨૭ કારખાના આવેલા છે. તથા ખાંડસરીની 70 જેટલી ફેકટરીઓ આવેલી છે. આમ, ગુજરાતમાં ખાંડ ઉદ્યોગ માટે કાચા માલની ઉપલબ્ધતા સારી હોવાના કારણો ગુજરાતમાં ખાંડ ઉદ્યોગના વિકાસ અને વિસ્તાર માટે સારી તકો રહેલી છે.

તમાકુના વાવેતર અને ઉત્પાદન માટે ચરોતર પ્રદેશ જાણીતો છે. આમ, અહીં તમાકુ સરળતાથી પ્રાપ્ત થતી હોવાથી બીડી અને છીકણી ઉદ્યોગોનો વિકાસ વધુ જોવા મળે છે. અને હજુ પણ આ ઉદ્યોગોનો વિકાસ વધુ જોવા મળે છે. અને હજુ પણ આ ઉદ્યોગોના વિકાસમાં સારી તકો રહેલી છે.

ગુજરાતમાં ડાંગરનુ વાવેતર પણ સારા પ્રમાણમાં થાય છે. ડાંગરના છોડ દ્વારા અનેક આડપેદાશો પ્રપ્ત થાય છે. જેમ કે, ડાંગરની કુસકીમાંથી તેલ નીકળવાનો ઉદ્યોગ અને આ તેલ દ્વારા સાબુ બનાવવાનો ઉદ્યોગ પણ વિકસ્યો છે. આજે તો કુશ્કીમાંથી નીકળેલ તેલનો ખાદ્ય તેલ તરીકે પણ ઉપયોગ થવા લાગ્યો છે. ગુજરાતમાં ડાંગરની કુશ્કીમાંથી 7.5 લાખ ટન જેટલુ તેલ મેળવી શકાય તેમ છે. જે પૈકી 40% જેટલાં તેલનો ખાદ્ય તેલ તરીકે તથા બાકીનાં તેલ સાબુ અને ફેટી એસીડ ઉદ્યોગનાં વિકાસ માટે સારી તકો રહેલ છે.

ગુજરાતમાં ફળફળાદીની ખેતીનો વિકાસ પાર વધુ પ્રમાણમમાં જોવા મળે છે. આ ફળોનાં રસને પેક કરવા તથા ફળોનો પાવડર બનાવવો તથા તેનો નિકાસ કરવાનાં ઉદ્યોગો પણ અહીં વિકસ્યા છે.

ગુજરાતમાં જંગલોમાંથી પ્રાપ્ત થતી પેદાશોમાંથી પણ અનેક ઉદ્યોગોનો વિકાસ થયો છે. અને બીજા અનેક ઉદ્યોગો વિકસવાની તક રહેલી છે.

ગુજરાતમાંથી જુદા-જુદા ભાગોમાંથી પ્રાપ્ત થતા જુદા-જુદા ખનિજો પણ ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડી અનેક ઉદ્યોગોને વિકાસવવાની તકો પૂરી પાડે છે. ગુજરાતમાંથી પ્રાપ્ત થતા ખનિજો પૈકી ધાતુમય કરતાં અધાતુમય ખનિજોનું પ્રમાણ વધુ છે. જેમ કે, ચિનાઇ માટી સિરામિક ઉદ્યોગ માટે ઉપયોગી છે, જે બનાંસકાંઠા મહેસાણા, રાજકોટ અને સુરેન્દ્રનગરમાંથી મળે છે. ગુજરાતમાં ચિનાઇ માટી પર આધારિત સિરામિક ઉદ્યોગ થાન, મોરબી, વાંકાનેર વગેરે કેન્દ્રો વિકસ્યા છે. આ ઉપરાંત ચૂનાનો પથ્થર અને ચિરોડી સિમેન્ટ ઉદ્યોગને કાચો માલ પૂરો પાડે છે. જે પણ ગુજરાતનાં જુદા-જુદા ભાગોમાંથી પ્રાપ્ત થાય છે. જે આ ઉદ્યોગોને વિકસાવવામાં નવી તકનું સર્જન કરે છે.

ગુજરાતમાં ખનિજ તેલનો મોટો જથ્થો પ્રાપ્ત થતો હોવાથી અહીં ખનિજ તેલ પર આધારિત ઉદ્યોગોનાં વિકાસ માટે સારી તક રહેલી છે. જેવા કે રાસાયણિક ખાતર, પેટ્રોકેમિકલ્સ, રેઓન પ્લાસ્ટિક વગેરેનો સમાવેશ થાય છે.

ગુજરાત વિશાળ દરિયાકિનારો ધરાવે છે. જયાં મોટા પ્રમાણમાં ઉત્પાદન મીઠાનું થાય છે. દેશમાં કુલ મીઠાનાં ઉત્પાદનમાં 78% હિસ્સો ગુજરાતનો છે. તેથી અહીં મીઠા આધારિત ઉદ્યોગોનો વિકાસ સારો થયેલો છે. તથા મીઠા આધારિત ઉદ્યોગોનાં વિકાસ માટેની સારી તકો રહેલી છે.

આમ, ગુજરાતમાં ખેતપેદાશો, જંગલ સંપતિ, ખનિજ સંપતિ, વગેરે અનેક ઉદ્યોગોનો કાચો માલ પૂરો પાડીને તેમને વિકસાવવા માટે અનુકુળતાનું સર્જન કરે છે, જે અનુકુળતાઓ ઔદ્યોગિક વિકાસની નવી દિશાઓ ખોલે છે.

9.2.2 માનવશ્રમની ઉપલબ્ધતાના સંદર્ભમાં રહેલી તકો :

ઉદ્યોગોના વિકાસમાં માવનસંશાધનનું પણ મહત્વપૂર્ણ સ્થાન હોય છે. ગુજરાતમાં વસ્તીનું વિશાળ પ્રમાણ છે. તેમાં પણ યુવા વસ્તીનું પ્રમાણ વધુ છે. તેથી ઉદ્યોગક્ષેત્રે કામ કરી શકે તે માટે પૂરતા પ્રમાણમાં માનવશ્રમ ઉપલબ્ધ બને છે. ગુજરાતમાં કુશળ અને બિનકુશળ બંને પ્રકારના માનવશ્રમ પ્રાપ્ત થાય છે. ગુજરાતના ઉદ્યોગોમાં કામ મેળવવા માટે અન્ય પાડોશી રાજયોમાંથી મોટા પ્રમાણમાં લોકો અહીં આવે છે.

પેટ્રો-કેમિકલ્સ અને કોયલી રિફાઇનરી જેવા વધુ તકનીકી જરૂરિયાતવાળા ઉદ્યોગો માટે બીજા રાજયોમાંથી અથવા પરદેશમાંથી તકનીકી જ્ઞાન ધરાવતા નિષ્ણાંતોને બોલાવી તેમની મદદ મેળવવામાં આવે છે.

ગુજરાત પાસે વિશાળ પ્રમાણમાં માનવશકિતનો ઉપલબ્ધ છે. તેથી મોટા કદના ઉદ્યોગો કે જયાં માનવશ્રમની ઓછી જરૂરિયાત રહે છે. તેની તુલનાએ લઘુઉદ્યોગો કે જયાં મોટા પ્રમાણમાં માનવશ્રમની જરૂરિયાત રહે છે. તેવા ઉદ્યોગોની સ્થાપના ગુજરાત માટે વધુ અનુકુળ બને છે. તેથી ગુજરાતમાં લઘુઉદ્યોગોનો વિકાસ પણ સારો વધી રહયો છે. તેની સાથે ગુજરાત આજે મોટાકદના ઉદ્યોગોના વિકાસની દિશામાં પણ આગળ વધી રહયું છે. જેમ કે, જહાજો બાંધવાનો ઉદ્યોગ, આયર્ન ઉદ્યોગ વગેરે કામ કરી શકે તે ગુજરાતમાં આજે વિશાળ યુવા વસ્તીને ઔદ્યોગિક વિકાસને માટે તકમાં રૂપાંતર કરવા માટે વિવિધ ઉદ્યોગોમાં કામ કરી શકે તે માટે લોકોને તાલીમ આપવા

માટે ઘણાં ઈન્સ્ટિટયુટ શરૂ કરવામાં આવ્યા છે. જુદા-જુદા ઉદ્યોગોની માંગને અનુસાર દરેક જિલ્લામાં તાલીમ કેન્દ્રો કાર્ય કરે છે. જેના દ્વારા મોટી સંખ્યામાં કારીગરો તૈયાર કરી શકાશે જે ગુજરાતના ઔદ્યોગિક વિકાસને ઝડપી બનાવશે.

9.2.3 બજારની ઉપલબ્ધતાના સંદર્મા રહેલી તકો :

વિશાળ વસ્તીનું કદ એક તરફ ઉદ્યોગોને જરૂરી માનવશ્રમ પુરવઠો આપે છે. તો બીજી તરફ ઉદ્યોગોને વિશાળ બજાર પણ પુરુ પાડે છે.ગુજરાતમાં શહેરી વિસ્તારમાં લોકોની માથાદિઠ આવક વધુ છે. તેથી ઔદ્યોગિક ઉત્પાદનનો મોટોભાગ શહેરી વિસ્તારોમાં વેચાય છે. શહેરી વિસ્તારમાં લોકોની ખરીદશકિત વધુ છે. ગામડાઓમાં ગરીબીરેખા નીચે જીવતા લોકોનું પ્રમાણ વધુ છે. તેથી ગ્રામિણ વિસ્તારના લોકોની ખરીદ શકિત ઓછી છે. આમ છતાં, પણ ગુજરાતમાં કુલ જનસંખ્યાનું મોટુ પ્રમાણ અને તેને કારણે ઔદ્યોગિક પેદાશને વિશાળ બજાર પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત અનેક ઔદ્યોગિક પેદાશોની નિકાસ પણ કરવામાં આવે છે, આમ ગુજરાતમાં જનસંખ્યાનું વિશાળ કદ વિશાળ બજારના રૂપમાં ઔદ્યોગિક વિકાસ માટે એક તક છે.

9.2.4 મૂડીની ઉપલબ્ધતાના સંદર્ભમાં રહેલી તકો :

ઔદ્યોગિક વિકાસને અસર કરતું એક પરિબળ મૂડી પણ છે. ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી મૂડી પ્રાપ્ત થાય છે. ગુજરાતના મૂડીપતિઓ ઔદ્યોગિક ક્ષેત્રે મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરે છે. જેથી અહીં અનેક ઉદ્યોગોની સ્થાપના થઇ શકી છે. સંતુલિત ઔદ્યોગિક વિકાસ માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર પણ ઔદ્યોગિકક્ષેત્રમાં મોટા પ્રમાણમાં મૂડીરોકણ કરી રહી છે, તથા નવા રોકણોને આકર્ષવા માટે પણ અનેક પ્રયત્નો કરી રહી છે. ગુજરાતમાં વાયબ્રન્ટ ગુજરાત-ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ દ્વારા વિશ્વના દેશોમાંથી મોટા પ્રમાણમાં મૂડીરોકાણને આકર્ષવા માટેના પ્રયત્નો થાય છે. ખાનગી ઉદ્યોગ સાહસિકો પોતાના ઔદ્યોગિક એકમની સ્થાપના અને વિસ્તાર માટે સરળતાથી નાણાકીય ધિરાણ મળી રહે તે માટે, અનેક બેંક્સ નાણાકીય સહાય કરે છે. આ ઉપરાંત ગુજરાત નાણાકીય નિગમ ( GSFC) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) પણ નાના ઉદ્યોગોના વિકાસ માટે નાણાકીય સહાય કરે છે.

આમ, ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી મૂડી સરળતાથી પ્રાપ્ત થઇ જતી હોવાથી નવા ઉદ્યોગોની સ્થાપના માટે એક સારી તક રહેલી છે.

9.2.5 રસ્તાઓ તથા વાહનવ્યવહારની સગવડના સંદર્ભમાં રહેલી તકો :

ઔદ્યોગિક વિકાસ માટે રસ્તાઓ અને વાહનવ્યવહારની સગવડો પણ અગત્યની છે. ઔદ્યોગિક ઉત્પાદનના સ્થળે કાચોમાલ સરળતાથી પહોંચે તથા તૈયાર ચીજવસ્તુઓ બજાર સુધી સરળતાથી અને ઝડપથી પહોંચે તે ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી છે. ગુજરાતમાં વાહનવ્યવહાર માટે માર્ગોનો સારો વિકાસ થયો છે.

ગુજરાતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં 8, 14 અને 15 પસાર થાય છે. આ સિવાય રાજયકક્ષાના ધોરીમાર્ગ અને જિલ્લા અને ગ્રામકક્ષાના માર્ગોનો પણ સારો વિકાસ જોવા મળે છે, આ ઉપરાંત ગુજરાત વિશાળ દરિયાકિનારો ધરાવતું હોવાથી અહીં 43 જેટલા બંદરોનો વિકાસ થયો છે. આ ઉપરાંત નહીં એક આંતરરાષ્ટ્રીય કક્ષાનું તથા 13 જેટલા પ્રાદેશિક હવાઇમથકો આવેલા છે. રેલવેની પણ સુવિધા સારી જોવા મળે છે.

આમ, વાહનવ્યવહાર માટેનું યોગ્ય આંતરમાળખાનું નિર્માણ ગુજરાતમાં જોવા મળે છે. જે નવા ઔદ્યોગિક એકમોની સ્થાપના કરવા માટે એક સારી અનુકુળતાનું નિર્માણ કરે છે. આમ વાહનવ્યવહારની સારી સુવિધા ઔદ્યોગિક વિકાસ માટે એક સારી તક છે.

9.2.6 સરકારની નીતિના સંદર્ભમાં રહેલી તકો :

ઔદ્યોગિક વિકાસ માટે સરકારની નીતિ પણ અગત્યનો ભાગ ભજવે છે. ઔદ્યોગિક વિકાસ માટેની સરકારની નીતિ જો યોગ્ય હોયતો ઔદ્યોગિક વિકાસ ઝડપથી થાય છે. આ સંદર્ભમાં ગુજરાતમાં ઉદ્યોગોના વિકાસ અને વિસ્તાર માટે સરકારની નીતિ વધુ અનુકૂળ જોવા મળે છે. જેથી પણ ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે સકારાત્મક  વાતાવરણનું નિર્માણ થયેલ છે. જે અનેક ઉદ્યોગોના વિકાસ અને વિસ્તાર માટે એક તક આપે છે.

આમ, આ તમામ પરિબળો ગુજરાતના વિકાસ માટે અનુકૂળ છે. જે ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે તકો પુરી પાડે છે.

## 9.3 ઔદ્યોગિક વિકાસના અવરોધો :

ગુજરાત ઔદ્યોગિક વિકાસ માટે અનેક સારી અનુકૂળતાઓ એક તકનુ સર્જન કરે છે. તો બીજી બાજુ ઔદ્યોગિક વિકાસ માટે કેટલીક પ્રતિકુળતાઓ કે અવરોધો પણ જોવા મળે છે. આમ ઔદ્યોગિક વિકાસ માટે રહેલ અવરોધોને સમજયા પછી તે કઈ રીતે દુર કરી શકાય તેનો વિચાર કરી શકાય. ગુજરાતના ઔદ્યોગિક વિકાસના કેટલાક અવરોધો આ પ્રમાણે છે.

ઉદ્યોગો માટે ઉપયોગમાં લઈ શકાય તેવા કોલસાની ગુજરાતમાં અછત છે. મર્યાદિત માત્રામાં લિગ્નાઈટ કોલસો મળે છે. તેનુ પણ ઉત્પાદન ઓછું છે. અન્ય પેદાશો કે જયાં કોલસો વધુ છે. તે પ્રદેશો બિહાર અને બંગાળ છે. જે ગુજરાતથી ખુબ દૂર આવેલા હોવાથી ત્યાથી કોલસો મેળવવો મોંઘો પડે છે. અને તે પણ સમયસર મેળવી શકાતો નથી. જેથી તેની અસર ઔદ્યોગિક વિકાસ પર થાય છે, જેથી કેટલાક ઉદ્યોગોના વિકાસની ગતિ મંદ પડે છે.

ઉદ્યોગોના વિકાસ માટે વીજળી જરૂરી છે. વીજ શકિતનું ઉત્પાદન ગુજરાતમાં જરૂરિયાત કરતાં અછું છે. જેથી ઔદ્યોગિકક્ષેત્રે વીજળી પૂરતી ન મળતા ઔદ્યોગિક ઉત્પાદન ઓછું રહે છે.

ગુજરાત રાજય શરુઆતથી જ ઔદ્યોગિક વિકાસને મહત્વ આપતુ રાજય રહ્યુ છે. પ્રજાની ઉદ્યોગ સાહસિકતા, કુનેહ અને વિકાસ અભિમુખ રાજકીય નીતિઓથી ગુજરાત ઉદ્યોગોમાં અગ્રેસર રહ્યુ છે. ગુજરાતમાં દેશનો સૌથી ઓછો બેરોજગારી દર છે. (૧.૮% વર્ષ ૨૦૧૯-૨૦) તે આ પ્રદેશના વિકાસનો પરિચય આપે છે. આ બધુ જણાવે છે કે સામાન્ય રીતે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટેના અવરોધો નથી. નાણાકીય, માળખાગત વગેરે સુવિધાઓ ઔદ્યોગિક વિકાસ માટેનો પાયો તૈયાર કરે છે. તેમ છતા ઉદ્યોગ જગત સાથે સંકળાયેલ વર્ગ જેમ કે રોકાણકારો, ઊત્પાદકો, કર્મચારીઓ તથા નીતિ નિર્માતાઓના અનુભવોને આધારે ઉદ્યોગોના ભાવિ વિકાસ માટે કેટલાક પડકારો જરુરથી છે. જેને આ પ્રમાણે સૂચિબદ્ધ કરી શકાય.

1. શ્રમિકોનુ સ્થળાંતર :

NSSOના રીપોર્ટ પ્રમાણે સમગ્ર ભારતની તુલનાએ ગુજરાતમાં લોકોનું સ્થળાંતર સૌથી વધુ થાય છે. વળી, આ સ્થાળાંતર એક થી બીજાં રાજ્યમાં થવાને બદલે ગુજરાતમાં જ આંતરિક સ્થાળાંતર થાય છે. આ કારણોસર ગુજરાતમાં શહેરીકરણનો દર પણ સૌથી ઊંચો છે. વધુને વધુ લોકો ખેતીથી બિન-ખેતી ક્ષેત્ર તરફ જાય છે. ભારતના ૭૦% લોકોની સામે ગુજરાતના ૫૦% લોકો ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા છે.આમ, શહેરો પર વસ્તીનુ વધારે ભારણ આવવાથી શહેરીકરણની સમસ્યાઓ ઊભી થાય છે.

આના ઉપાય તરીકે સ્થાપિત ઔદ્યોગિક ક્ષેત્રો સિવાયના ક્ષેત્રોમાં ઔદ્યોગિક વિકાસ કરવાને તથા ખેતીના વ્યવસાયને આકર્ષક બનાવી શકાય.

2. નાના ઉદ્યોગોએ સહન કરવી પડતી સ્પર્ધા :

સાધન પ્રચૂર વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસમાં મોટા ભાગે કેન્દ્રિત થયો હોવાને કૃષિ તેમજ અન્ય પ્રાકૃતિક વિશેષતા ધરાવતા વિસ્તારોની ઉપેક્ષા થઈ છે. આમ, થવાથી મશીન ટૂલ્સ, ઇલેક્ટ્રિકનાં સાધનો વગેરેનાં નાનાં ઔદ્યોગિક એકમોએ મોટાં એકમોની આર્થિક અને બજાર ક્ષેત્રે સ્પર્ધાનો સામનો કરવો પડે છે.

3. જમીન સંપાદન અંગેના વિવાદો :

વિવિધ ઉપયોગો માટેની જમીન અંગેના વિવાદો ઔદ્યોગિક વિકાસને આડે આવતી આધુનિક અને વર્તમાન સમસ્યા છે. કચ્છ અને ભાવનગર જિલ્લામાં ખેતી માટેની અને ગોચર જમીન અંગેના વિવાદો, જમીન માલિકી અંગેના વિવાદો વગેરે સ્પષ્ટ ન હોવાને કારણે ઔદ્યોગિક વિકાસ અવરોધાય છે.

ઉદ્યોગો દ્વારા ઊભી થયેલી સમસ્યાઓ :

- નીચું વેતન, વધારે કામ અને સામાજિક સુરક્ષાના અભાવમાં શ્રમિકોનું શોષણ થાય છે.
- ઉદ્યોગો દ્વારા ખેતીની અમૂલ્ય જમીન નીચા ભાવે ખરીદવામાં આવે છે, જે ખેતી ઉત્પાદન પર ભવિષ્યમાં નકારાત્મક અસરો ઊભી કરનાર નીવડી શકે.
- અન્ય રાજ્યોમાંથી સ્થળાંતરિત થઈને આપેલા ઔદ્યોગિક શ્રમિકોના વસવાટ, તેમનાં બાળકોનું શિક્ષણ વગેરે સામાજિક પ્રશ્નો પણ અસ્તિતવમાં આવે છે.
- ગીચ ઝુંપડપટ્ટી, હવા, પાણી, અવાજ અને જમીનનું પ્રદૂષણ ગુજરાતની સામાન્ય સમસ્યાઓ છે.
- ખેતી ક્ષેત્રનો વિકાસ એ ઔદ્યોગિક વિકાસની પૂર્વશરત છે. તેના પ્રત્યે ઓછું ધ્યાન અપાય છે.
- રાજ્યમાં મોટાં અને મધ્યમ એક્મોની તુલનાએ રોજગારપ્રધાન નાનાં એકમોનો વિકાસ થતો જોવાયો નથી.
- ગુજરાતમાં અનિયંત્રિત અને બિનઆયોજિત ઔદ્યોગિક વિકાસથી કુદરતી વનપ્રદેશોનો તથા પ્રાણીજગતનાં જૈવ વૈવિધ્યનો નાશ થઈ રહ્યો છે.

કુદરતી ચક્રનું ખોરવાવુ અનિયમિત વરસાદ, ચક્રવાત, તાપમાનમાં અનિયમિતતા વગેરે અનુભવાઈ રહ્યાં છે.

## 9.4 ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ :

ગુજરાત ભારતના ઔદ્યોગિક વિકાસમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. આજથી પૂર્વે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ છુટો છવાયેલો જોવા મળતો હતો, પરંતુ 1960 પછી ગુજરાત જયારે 1 મે 1960ના અલગ રાજય તરીકે અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રનું સમગ્રચિત્ર બદલાઇ ગયેલું જોવા મળે છે. આજે ગુજરાતના ઔદ્યોગિકક્ષેત્ર વૈવિધ્યપૂર્ણ રીતે ઝડપથી આગળ વધી રહયું છે.

ગુજરાતના ઔદ્યોગિક ઇતિહાસની વાત કરવામાં આવે તો, ગુજરાતમાં ઔદ્યોગિકક્ષેત્રે પાશ્યાત્ય ટેકનોલોજીનો પ્રવેશ 1851 પહેલાથી શરૂ થઇ ગયેલ છે.

ગુજરાતમાં રૂની કાંતણ અને વણાટ મિલની સ્થાપના ઇ.સ 1854માં થઇ હતી. તથા અમદાવાદમાં ઇ.સ 1858 માં રણછોડલાલા છોટાલાલે અમદાવાદ સ્પિનિંગ એન્ડ વિવિંગ કંપની સ્થાપી અને આમ પ્રથમ મિલની સ્થાપના 1861માં થઇ વર્ષ 1870 પછી કાપડ ઉદ્યોગમાં વધુ રોકાણો થવાથી, અમદાવાદમાં કાપડની મિલોની સંખ્યામાં વધારો થયો

સ્વતંત્રતા બાદ ગુજરાતમાં ભારે ઉદ્યોગો પેટ્રોલિયમ રીફાઇનરી તથા રસાયણ ઉદ્યોગો વગેરે જાહેરક્ષેત્ર દ્વારા સ્થાપવામાં આવ્યા. અને તેની સાથે નાના તથા મધ્યમ કક્ષાના ઉદ્યોગોનો વિકાસ માટે પણ સરકારે પ્રોત્સાહન પગલાઓ લીધેલા છે. સરકારે ઉદ્યોગોના વિકાસ માટે ઔદ્યોગિક વસાહતોની સ્થાપના જમીન, વીજળી, તથા કર રાહત વગેરે પગલાઓ દ્વારા સરકારે ગુજરાતમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં પ્રયત્નો કર્યા છે.

વર્ષ 1980 બાદ મિલ ઉદ્યોગની પડતી થતા આ વર્ષોમાં પાવરલૂમ, રસાયણ ઉદ્યોગો, હીરાના પોલિસિંગ ઉદ્યોગ, તથા નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ અમદાવાદમાં થયો. તથા સુરત 1980 પછી ગુજરાત રાજયનું ઝડપથી વિકસતું ઔદ્યોગિક શહરે બન્યું આ ઉપરાંત વડોદરામાં રિફાઇનરી પેટ્રોકેમિકલ રસાયણ ઉદ્યોગ, કાચા ઉદ્યોગો વગેરેનો સારો એવો વિકાસ થયેલો છે. આ ઉપરાંત ખેતી માટેની મશીનરી માટેના ઉદ્યોગોનો વિકાસ રાજકોટ ખાતે જોવા મળે છે.

આમ, સમયની સાથે ગુજરાત રાજયનો ઔદ્યોગિક વિકાસ વધતો થયો છે. આજે સમગ્ર ભારતમાં ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ ગુજરાત રાજય મહત્વનું સ્થાન ધરાવે છે. હાલ, સમગ્ર ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદનક્ષેત્રે ગુજરાત 16.8 % જેટલો ફાળો આપે છે.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસના વલણો

ઉદ્યોગોની વાર્ષિક મોજણીના પરિણામો-કારખાના વિભાગ, બધા ઉદ્યોગો ગુજરાત રાજ્ય

| અ.ન | વર્ષ | કારખાના ઓની સંખ્યા | કાર્યશીલ મૂડી (રૂા. કરોડ) | ઉત્પાદક મૂડી (રૂા. કરોડ) | રોજગાર મેળવેલ વ્યકિતઓ (સંખ્યા) | ઉત્પાદન (રૂા. કરોડ) | ચોખ્ખું ઉમેરાયેલુ મૂલ્ય (રૂા. કરોડ) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 1980-81 | 11208 | 1289 | 3973 | 699427 | 7160 | 1139 |
| 2 | 1990-91 | 10943 | 2839 | 15937 | 675447 | 27593 | 4468 |
| 3 | 1995-96 | 13770 | 16578 | 73286 | 956644 | 84808 | 17621 |
| 4 | 2000-01 | 14090 | 15328 | 87416 | 752013 | 127977 | 16856 |
| 5 | 2005-06 | 14055 | 28262 | 147801 | 887511 | 307955 | 47872 |
| 6 | 2006-07 | 14327 | 36602 | 168227 | 983922 | 372581 | 47952 |
| 7 | 2007-08 | 15107 | 51121 | 196521 | 1045475 | 448243 | 62108 |
| 8 | 2008-09 | 14863 | 56687 | 229054 | 1125543 | 508088 | 60417 |
| 9 | 2009-10 | 15576 | 58956 | 299337 | 1159239 | 642658 | 90028 |
| 10 | 2010-11 | 21282 | 79207 | 351173 | 1295334 | 806784 | 89448 |
| 11 | 2011-12 | 22220 | 77377 | 390123 | 1383773 | 998413 | 87691 |
| 12 | 2012-13 | 22587 | 94994 | 421119 | 13638328 | 1116395 | 118876 |
| 13 | 2013-14 | 22876 | 85524 | 468178 | 1372669 | 1230642 | 128420 |
| 14 | 2014-15 | 23433 | 63253 | 500955 | 1462206 | 1270125 | 169668 |
| 15 | 2015-16 | 24426 | 55502 | 585799 | 1563868 | 1154040 | 180005 |
| 16 | 2016-17 | 25966 | 26626 | 659667 | 1634566 | 1222201 | 165433 |

ઉપરોકત કોષ્ટકમાં દર્શાવેલ માહિતી ગુજરાતના ઔદ્યોગિક વિકાસનો નિર્દેશ કરે છે. ગુજરાતમાં વર્ષ 1980 થી 81 થી 2016-17ના સમયગાળા દરમિયાન ઉદ્યોગક્ષેત્રે કારખાનઅઓની સંખ્યા કાર્યશીલ મૂડી, ઉત્પાદક મૂડી, રોજગાર મેળવેલ વ્યકિતઓની સંખ્યા, ઉત્પાદન વગેરે થયેલો વધારો દર્શાવે છે કે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ થઇ રહયો છે.

## 9.5 સહાયક નીતિઓ :

ઔદ્યોગિક વિકાસ માટે ઉદ્યોગોને સહાયક એવી પ્રોત્સાહક નીતિ ખુબજ અગત્ય ધરાવે છે. અહી ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટેની કેટલીક સહાયક નીતિઓની ચર્ચા કરવામાં આવી છે.

### 9.5.1 સ્ટાર્ટઅપ ઇનોવેશન :

ગુજરાત સરકારે સ્ટાર્ટઅપના વિચારને સૌ પ્રથમ વેગ આપેલ છે. જે ઉદેશ સમાજમાં લોકોનું જીવનધોરણ ઉંચુ લાવવા માટે ઉદ્યોગક્ષેત્રે સંશોધન અને નવીનતમ ફેરફાર પ્રત્યક્ષ રીતે ફાળો આપે તે મેળવવા તથા યુવા કામદારો ઉત્સાહી માનસનો લાભ લેવા માટે.

### 9.5.2 સંશોધન અને વિકાસ :

ખાસ કરીને નાના અને મધ્યમકદના ઔદ્યોગિક એકમની વૃદ્ધિ માટેના સંશોધન અને વિકાસ મુખ્ય ભાગ ભજવે છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ખાનગીક્ષેત્રના ઉદ્યોગો ઔદ્યોગિક એસોસિએશન અને નામાંકિત સંસ્થાઓને સંશોધન અને વિકાસ

માટે પ્રોત્સાહન આપે છે.

9.5.3 ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી-2012 :

સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી 2012 જાહેર કરી છે, જે અંતર્ગત કોટન સ્પીનીંગ એકમોને પ્રોત્સાહન કરવાના હેતુથી વ્યાજ સહાય તથા અન્ય યોજનાઓ જાહેર કરેલ છે, જો કે આ યોજનાનો સમયગાળો 03/09/2019 ના રોજ પૂર્ણ થયેલ છે. પરંતુ તે પરત્વેના કલેઇમની કાર્યવાહી ચાલુ છે.

9.5.4 ગુજરાત ગારમેન્ટ એન્ડ એપેરલ પોલીસી-2017 :

આ યોજના અંતર્ગત વ્યાજ સહાય પાવર હરીફ, પેરોલ સહાય, જી.આઇ.ડી.સી દ્વારા પ્લગ અને પ્લે સિસ્ટમ, ડોમિટરીજ માટે સહાય, સ્કીલ ડેવલોપમેન્ટ તથા મેગા એપરલ પાર્કની સ્થાપના કરવા માટે સહાય વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

9.5.5 ઇન્ટીગ્રેટેડ સ્કીલ ડેવલોપમેન્ટ *(ISDS) :*

આ યોજના અંતર્ગત કૌશલ્ય વિકાસ તાલીમ માટે વર્ષ 2018-19માં રૂા. 56.60 લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ટેક્ષટાઇલક્ષેત્રનો વિકાસ કરવા માટે 25 ટકા ગુજરાત સરકાર અને 75 ટકા ભારત સરકાર વચ્ચે ખર્ચની વહેંચણી કરવામાં આવી છે.

9.5.6 લેબર ઈન્ટેન્સીવ ઇન્ડસ્ટ્રીઝસને સહાય-2015 *:*

આ યોજના અંતર્ગત વ્યાજ સહાય, વેટ કન્સેશન, પે રોલ સહાય જેવી અલગ-અલગ સહાય કરવામાં આવે છે. આ યોજના 31/12/19 સુધી અમલી છે. વર્ષ 2018-19 માં આ યોજના પાછળ રૂા. 10 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

9.5.7 વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-2019 *:*

૯ મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૯ નું આયોજના ૧૮ થી ૨૦ જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન કરવામાં આવેલ હતું. આ સમિટનો મુખ્ય હેતુ નવા ભારતની રચના કરવાનો હતો, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ થી ૨૦૧૯ દરમિયાન કુલ ૧૦૪૮૭૨ પ્રોજેકટો માટે એમ.ઓ.યુ તથા ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટિન્શન ફાઇલ કરવામાં આવેલ છે. ૩૧મી માર્ચ ૨૦૧૯ સુધીની સ્થિતિએ નોંધાયેલ પ્રોજેક્ટ પૈકી ૪૮૫૪૦ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. આ પ્રોજેક્ટસ અંતર્ગત કુલ ૨૨૮૨૦૮૪ જેટલી રોજગારી ઉભી થયેલ છે.

9.5.8 ઔદ્યોગિક આંતર માળખાકીય સુવિધા સહાય યોજના :

ઉદ્યોગોની જરૂરિયાતો મુજબ રાજ્ય સરકારે આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાના ઉદેશયથી અનેક પગલાઓ લીધેલ છે. ગુજરાત સરકારે જાહેર કરેલ ઔદ્યોગિકનીતિ ૨૦૧૫ માં ઉદ્યોગના વિકાસ માટે કેટલીક આંતરમાળખાકીય સવલતો જેવી કે વીજળી, રસ્તાઓ, સંદેશાવ્યવહાર, પ્રદૂષણ નિયંત્રણ વગેરે જરૂર પ્રમાણમાં મળે તે માટે પ્રોત્સાહન યોજના અમલમાં મુકવામાં આવેલી છે. ગુજરાતમાં નવી આંતરમાળખાકીય સુવિધાઓનું નિર્મણ કરવા માટે તેમજ હાલની આંતરમાળખાકીય સુવિધાઓના અપગ્રેડેશન માટે સરકાર દ્વારા આંતરમાળખાકીય સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

9.5.9 ગુજરાત ઔદ્યોગિક પોલીસી-2015 અંતર્ગત ઔદ્યોગિક પાર્કને નાણાકીય સહાય યોજના :

આ યોજના હેઠળ ઔદ્યોગિક પાર્કને મકાન અને આંતરમાળખાકીય સુવિધાના

કુલ ખર્ચના 25 ટકા લેખે મહત્તમ 20 કરોડની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત ખર્ચના 25 ટકા તથા મહત્ત્મ 20 કરોડ સુધીની સહાય છાત્રાલય તથા શયનગૃહ માટે આપવામાં આવશે.

સ્ટેટ લેવલ એમ્પાયર્ડ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ ઔદ્યોગિક પાર્ક માટે જમીનની ખરીદી કરવા માટે ડેવલોપરને સ્ટેમ્પ ડ્યુટીના 100 ટકા રિએમ્બર્સમેન્ટ તથા સ્વતંત્ર એકમ માટે પ્લોટ ખરીદવા માટે સ્ટેમ્પ ડ્યુટીના 50 ટકા રિએમ્બર્સમેન્ટ આપવાની જોગવાઈ છે.

9.5.10 ગુજરાત ઔદ્યોગિક પોલીસી-2015 અંતર્ગત લોજીસ્ટીક પાર્કને નાણાકીય સહાય યોજના

આ યોજના હેઠળ નવા લોજીસ્ટીક પાર્કને માટે મકાન તથા માળખાકીય સુવિધાના કુલ મૂડીરોકાણના 25 ટકા લેખે લોન તથા મહત્તમ રૂા. 15 કરોડ સુધીની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

9.5.11 જી.આઈ.ડી.સી દ્વારા માઈક્રો સ્મોલ એન્ટરપ્રાઈઝ અર્થે ઔદ્યોગિક વસાહત વિકસાવવા માટે નાણાકીય સહાય યોજના :

આ યોજના હેઠળ સ્ટેટ લેવલ એમ્પાવર્ડ કમિટી દ્વારા નકકી કરેલ ફાળવણીના 50 ટકા સહાય સીધી જી.આઈ.ડી.સી ને આપવાની રહેશે.

9.5.12 મીઠા ઉદ્યોગોનો વિકાસ તથા અગરિયાઓ માટેની કલ્યાણકારી યોજના :

મીઠાના ઉદ્યોગના વિકાસ માટે રસ્તા બનાવવા, સાધન ખરીદવા, કુદરતી આપત્તિ સામે પ્લાન માટે તથા સોલર પમ્પ સિસ્ટમ ખરીદવા માટે 80 ટકા સબસીડી તથા અન્ય કાર્ય માટે સહાય આપવામાં આવે છે. તથા અગરિયાઓના લાભ માટે કલ્યાકારી યોજનાઓ જેમ કે, પીવના પાણીની સુવિધા, સોલર લાઈટસ, શિક્ષણ માટેની સુવિધા, આરોગ્ય સેવાઓ વગેરે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના માટે વર્ષ 2018-19 દરમિયાન રૂા. 1000 લાખની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.

9.5.13 ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ :

ગુજરાત સરકાર દ્વારા સ્થાપેલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ જાહેરક્ષેત્રનું સાહસ છે. જેની સ્થાપનાનો ઉદેશ રાજ્યમાં વિવિધ સ્થળોએ યોગ્ય જમીનો સંપાદિત કરી તેમાં પાયાની ઔદ્યોગિક સવલનો વિકસાવવાનો છે. નિગમ દ્વારા વર્ષ 2017-18 માં ઔદ્યોગિક વસાહતોના વિકાસ માટે 280,20 હેકટર ખાનગી તેમજ સરકારી જમીન મેળવવામાં આવી હતી. વર્ષ 2018-19 દરમિયાન ખાનગી તેમજ સરકારી જમીન 809.89 હેકટર જમીન મેળવવામાં આવેલ આ નિગમ રાજયમાં ઉદ્યોગોના સમતોલ અને ઝડપી વિકાસ માટે પ્રયત્નશીલ છે.

9.5.14 કુટિર અને ગ્રામોદ્યોગ :

કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા રાજયમાં પૂરક રોજગારીની તકો ઉભી કરવા માટે અલગ-અલગ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મુકવામાં આવે છે. જે આ મુજબ છે.

- શ્રી વાજપાઈ બેંકવલ યોજના
- માનવ કલ્યાણ યોજના
- દત્તોપંત ઠેગરી કારીગર વ્યાજ સહાય યોજના

- કલસ્ટર વિકાસ યોજના
- કૌશલ્ય વર્ધક તાલીમ
- વેચાણ વ્યવસ્થા
- રોજગારીની તકોનું નિર્માણ
- સાગરખેડું, શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના અને વનબંધુ કાર્યક્રમ
- કારીગર વર્ગની ઓળખ અને નોંધણી
- યોજનાકીય અભ્યાસ, મૂલ્યાંકન અને નીતિ ઘડતર
- રાષ્ટ્રીય પેન્શન યોજના

9.5.15 ગુજરાત રાજય હાથશાઇ અને હસ્તકલા વિકાસ નિગમ લિ.

આ નિગમનો મુખ્ય હેતું હાથશાળ અને હસ્તકલાની વંશપરંપરાગત કલાને જાળવી રાખી તાલીમ અને ડિઝાઇન ડેવલપમેન્ટ દ્વારા તેના વિકાસ સાથે આ ક્ષેત્રમાં કાર્યકરતા કારીગરોને ઉચ્ચ ગુણવત્તાવાળો કાચો માલ પૂરો પાડવો અને બજાર સહાય આપી રોજગારીની તકોમાં વધારો કરવાનો છે.

9.5.16 ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ :

આ બોર્ડ દ્વારા ખાદી અને ગ્રામોદ્યોગ માટે સંસ્થાઓ દ્વારા જુદી-જુદી કામગીરી અમલમાં મુકે છે. તથા ગ્રામીણ કારીગરોને તાલીમ આપે છે. આમ આ તમામ નીતિઓ ગુજરાતના ઉદ્યોગના વિકાસ અને વિસ્તાર માટે મદદરૂપ બને છે.

## 9.6 સારાંશ :

કોઈપણ દેશ કે પ્રદેશના ઔદ્યોગિક વિકાસનો આધાર તેની પાસે રહેલ વિકાસ માટેની તક પુરી પાડતી અનુકુળતાઓ કેવી છે. જે તે પ્રદેશના ઔદ્યોગિક વિકાસ કરવા માટે તે પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ માટેના અનુકૂળ પરિબળો કયા છે તે જાણવા જરૂરી છે. આ અનુકૂળ પરિબળો ઔદ્યોગિક વિકાસ માટેની નવી તકોનું સર્જન કરે છે. આ ઉપરાંત જે તે પ્રદેશના ઔદ્યોગિક વિકાસ માટેના અવરોધક પરિબળો કયા છે તે પણ જોવા જરૂરી છે. અને તે જાણી અને તેને દૂર કરવા માટેના પગલાઓ લઇ ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપી શકાય. આમ જે તે પ્રદેશ પાસે ઔદ્યોગિક વિકાસ માટેની અનુકૂળતાઓનો લાભ લેવા અને નેતા અવરોધક પરિબળોને ઘટાડવા માટે જરૂરી ઔદ્યોગિક નીતિની જરૂરિયાત હોય છે. આ માટે સરકાર દ્વારા ઔદ્યોગિક વિકાસ માટે યોગ્ય નીતિ કે યોજના ઘડવામાં આવે છે. આમ પ્રસ્તુત એકમનાં ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે રહેલી તકો તેના અવરોધો તથા ગુજરાતના ઔદ્યોગિક વિકાસને માટે જરૂરી કેટલીક નીતિઓની તથા ગુજરાતમાં થયેલ આર્થિ વિકાસ વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

## 9.7 ચાવીરૂપ શબ્દો :

- ઔદ્યોગિકરણ : દેશની રાષ્ટ્રીય આવક તથા રોજગારીમાં ઉદ્યોગક્ષેત્રનો હિસ્સો ઝડપથી વધારવાની પ્રક્રિયાને ઔદ્યોગિકરણ કહે છે.
- ઔદ્યોગિક નીતિ : દેશના ઔદ્યોગિક વિકાસ માટેના સરકારના અભિગમને સ્પષ્ટ કરતા વલણને ઔદ્યોગિક નીતિ કહે છે.
- ખરીદ શકિત : ચીજવસ્તુઓ કે સેવાઓ ખરીદવા માટેની ગ્રાહકની નાણાકીય

વિનિમયક્ષમતાને ખરીદશક્તિ કહે છે.

- બજારમાંગ : એક જ વસ્તુ કે જોવાની અલગ-અલગ બધા ગ્રાહકોની માંગનો સરવાળો એટલે બજાર માંગ કહે છે.
- મૂડી : વસ્તુ કે સેવાના ઉત્પાદન કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતી સંપત્તિના માનવ સર્જિત સાધનો એટલે મૂડી
- મૂડીરોકાણ : પ્રત્યક્ષ અથવા પરોક્ષ વળતરની અપેક્ષાએ ઉત્પાદકીય પ્રવૃતિમાં કે ઉત્પાદન સાધનની મૂલ્યવૃદ્ધિ માટે કરવામાં આવતા ખર્ચને મૂડીરોકાણ કહે છે.
- વ્યાજ : મૂડીના ઉપયોગ બદલ તેના માલિકને ચુકવવામાં આવતું વળતર એટલે વ્યાજ.
- શ્રમદળ : કોઈ ચોકકસ સમયગાળા દરમિયાન રોજગારી મેળવતા શ્રમિકો તથા પ્રવર્તમાન વેતન દરે કામ કરવાની ક્ષમતા તથા તૈયારી હોવા છતાં કામ નથી મળતું એવા શ્રમિકોના કુલ સરવાળાને શ્રમદળ કહે છે.

## 9.8 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો :

(1) ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસની તકો અને પડકારોની ચર્ચા કરો.

(2) ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસ આડેના અવરોધો વર્ણવો તથા તે દૂર કરવા માટે સરકારની નીતિ જણાવો.

(ખ) નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો.

(1) ગુજરાત સરકારની ઓદ્યોગિક વિકાસનીતિ

(2) ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસની તકો

(3) ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસ માટેની સમસ્યાઓ

(ગ) ખાલી જગ્યા પૂરો

1) ભારતના કુલ કાપડના ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો .... છે.
2) ગુજરાતમાં તમાકુના ઉત્પાદન માટે.... પ્રદેશ જાણીતો છે.
3) ગુજરાતની અલગ-અલગ રાજય તરીકે સ્થાપન.............વર્ષોમાં થઈ હતી.
4) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2019 એ ......મી સમિટ હતી.
5) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો મુખ્ય ઉદેશ્ય ઉદ્યોગો માટે ......કરી આપવાનો છે.
6) ગુજરાતમાં ....................જેટલા બંદરોનો વિકાસ થયો છે.
7) ગુજરાત શેરડીના ઉત્પાદનમાં સમગ્ર ભારતમાં .........સ્થાન ધરાવે છે.
8) ગુજરાતમાં મગફળીનું વધુ ઉત્પાદન ...ઉદ્યોગના વિકાસને માટે તક પુરી પાડે છે.
9) ઇન્ટીગ્રેટેડ સ્ટીલ ડેવલોપેમેન્ટ યોજના અંતર્ગત વર્ષ 2018-19માં કૌશલ્ય વિકાસ માટે રૂા........ની જોગવાઈ કરવામાં આવેલ છે.

10) કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા રાજયમાં .............ની તકો ઉભી કરવા માટે કાર્યક્રમો અમલમાં મુકે છે.

## 9.9 કેટલાક ઉપયોગી પુસ્તકો

1. ર્ડા. મંજુલાબેન બી. દવે ‘ ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ’ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
2. ગીતા ચૌધરી – ગુજરાતના આર્થિક વિકાસમાં નાના ઉદ્યોગોનો ફાળો-આદર્શ સાહિત્ય સદન
3. સામાજિક-આર્થિક સમીક્ષા 2018-19 ગુજરાત રાજ્ય
4. The Rural Economy of Gujarat Issue marginal Bhagwanji Desai
5. Various websites of Government of Gujarat
6. Gujarat Intrastvcture Development Board
7. Planning Commission and CSO websites
8. Government of Gujarat Ministry of Agriculture and Industry
9. Ministry of Commerce and Industry Websites

## 9.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબોઃ

| | |
|---|---|
| જ. 1 | 32 ટકા |
| જ.2 | ચરોતર પ્રદેશ |
| જ.3 | 1 મી મે 1960 |
| જ.4 | 9 મી |
| જ.5 | જમીનનો સંપાદિત |
| જ.6 | 43 જેટલી |
| જ.7 | 6 મું |
| જ.8 | તેલના ઉદ્યોગ |
| જ.9 | રૂા. 56.60 લાખની |
| જ.10 | પૂરક રોજગારીની |

## 9.11 સંદર્ભ :

- ર્ડા. મંજુલાબેન બી.દવે –ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ નવમી આવૃતિ 2016 યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય
- ગીતા ચૌધરી ગુજરાતના આર્થિક વિકાસમાં નાના પાયાના ઉદ્યોગોનો ફાળો પ્રથમ આવૃતિ-2011 આદર્શ સાહિત્ય સદન
- સામાજિક-આર્થિક સમીક્ષા-2018-19 ગુજરાત રાજ્ય,
- The Rural Economy of Gujarat Issue Marginal Bhagwanji

Desai

- Ministry of Commerce and Industry Websites
- Government of Gujarat Ministry of Agriculture and Industry
- Planning Commission and CSO Websites
- ACI-2016-17 મધ્યસ્થ આંકડાકીય કાર્યક્ષેત્ર, કોલકત્તા
- રામ વારીતરિયા, અર્થશાસ્ત્રની એ.બી.સી.ડી-2009
- ડાં. નરેશ સી.પટેલ ‘ અર્થશાસ્ત્રના , પારિભાષિક ખ્યાલો પ્રથમ આવૃતિ-2011-પાશ્વ પબ્લિકેશન
- ડાં. હરજીવન સુથાર ‘ ઔદ્યોગિક અર્થશાસ્ત્ર ‘ દ્વિતીય આવૃતિ-1995, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય